**CMV Rules, 104 હેઠળ રીફલેકટર્સ, રેડીયમ સ્ટીપસના અમલીકરણમાં સરળતા બાબત.**

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં.-૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંકઃ- સીઓટી/એમવીપી/રીફલેકટર્સ/ 1228
તારીખઃ- / / ૨૦૧૯.
22 FEB 2019

વંચાણે લીધાઃ-

(૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: એમવીપી/રીફ્લેક્ટર્સ/૫૯૧૭, તા.૨૯/૧૨/૨૦૧૦

(૨) સરખા વિષયના અત્રેના પરિપત્ર ક્રમાંક : સીઓટી/એમવીપી/રીફ્લેક્ટર્સ/૪૨૬૨, તા.૦૬/૦૭/૨૦૧૭

(૩) અત્રેની ફાઈલ પર બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૨/૦૨/૧૦૧૯ ના આદેશ.

## પરિપત્ર

ટ્રાન્સપોર્ટ વાહનોમાં સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સ, ૧૦૪ મુજબ રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીંગ પ્લેટ્સ લગાવવા માટે પરિપત્ર ક્રમાંકઃ- સીઓટી/ એમવીપી/ રીફલેકટર્સ/ ૪૨૬૨ તા. ૬.૭.૨૦૧૭ થી સૂચનાઓ પરિત્રિત કરવામાં આવેલ છે. વાહન વપરાશકારોને પડતી મુશ્કેલીઓનું નિવારણ કરવા તેમજ ક્ષેત્રીય કચેરીઓને અમલીકરણમાં સરળીકરણ રહે તે હેતુસર અત્રેનો પરિપત્ર ક્રમાંકઃ- સીઓટી/એમવીપી/રીફલેકટર્સ/ ૪૨૬૨ તા. ૬.૭.૨૦૧૭ રદ કરી રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ, અને રીઅર માર્કીંગ પ્લેટ્સ માટે નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

સુચનાઓઃ-

(૧) મોટર વ્હીકલ્સ રૂલ્સ-૧૦૪, ૧૦૪-એ, ૧૦૪-બી, ૧૦૪-સીમાં દર્શાવ્યા પ્રમાણેના તમામ વાહનોમાં AIS-090 ના ધારા ધોરણ ધરાવતી રીફલેકટીવ પ્લેટ તથા AIS-089 ના ધારાધોરણ ધરાવતી રીઅર માર્કીંગ પ્લેટ/ટેપ્સ લગાવવાની રહેશે. આ માટે વાહનોની યાદી અને જોગવાઈ વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક એમવીપી/રીફ્લેક્ટર્સ/૫૯૧૭, તા.૨૯/૧૨/૨૦૧૦ની સાથેના પરિશિષ્ઠ ૧ અને પરિશિષ્ઠ૧(એ) મુજબ છે. રેડી રેફરન્સ માટે પરિશિષ્ઠ ૧ અને પરિશિષ્ઠ૧(એ) આ સાથે સામેલ છે.

(૨) આ ધારાધોરણ અને સ્પેશીફીકેશન ધરાવતાં ઉત્પાદક અથવા ઉત્પાદક માન્ય ડીલર વિગેરેએ નીચેની પૈકી કોઈપણ એક સંસ્થા - Automotive Research Association of India (ARAI)-Pune, Vehicle Research & Development Establishment (VRDE)-Ahmednagar, Central Institute of Road Transport (CIRT)-Pune, International Centre for Automotive Technology (iCAT)-Manesar દ્વારા માન્ય Type Approval Certificate (TAC) અને Confirmative of Production (CoP) સાથે કમિશ્નરશ્રી, વાહનવ્યવહાર, ગુજરાત રાજય, ગાંધીનગરને આ સંસ્થાઓએ માત્ર માન્ય કરેલ પ્રોડકટની વિગતો/યાદી રજુ કરવાની રહેશે.

(૩) આ યાદી સાથેના ટાઈપ એપ્રુવલ સર્ટીફીકેટના આધારે રીફ્લેકટર્સ તેમજ રીફ્લેક્ટીવ ટેપ્સના માન્ય ઉત્પાદકોની અધ્યતન યાદી અપડેટ કરી એકસુત્રતાના હેતુ માટે વખતોવખત રાજયની આર.ટી.ઓ./ એ.આર.ટી.ઓ. કચેરીને માહિતગાર કરવામાં આવશે.

(૪) વાહન માલિક ધ્વારા ફીટનેશના કામે વાહન રજુ કરવામાં આવે ત્યારે રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ્સ અને રીઅર માર્કીગ પ્લેટના અધ્યતન/ઓરીજીનલ બીલ ઓનલાઇન-ઓફલાઇન રજુ કરવાના રહેશે. જેની નોંધ સુવાસ સોફ્ટવેરમાં અપડેટ કરવાની રહેશે.

(૫) રાત્રીના અંધકારમાં થતા માર્ગ અકસ્માતો નિવારવા વાહનોમાં કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૧૦૪ મુજબની રીફ્લેક્ટીવ ટેપ્સ, રીફલેકટર્સ, રીઅર માર્કીગ પ્લેટ લગાવવી ખૂબ જરૂરી છે. જેથી ઉપરોક્ત સુચનાઓનું ચુસ્તપણે અમલીકરણ કરવા જણાવવામાં આવે છે. આવે છે.

ઉપરની સુચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવો.

વાહન વ્યવહાર કમિશ્નર,

ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) તમામ આર.ટી.ઓ.શ્રી/ એ.આર.ટી.ઓ.શ્રી. ને જાણ તેમજ યોગ્ય અમલવારી કરવા સારૂં.

નકલ સવિનય રવાના:-

(૧) માન. મંત્રીશ્રી, વાહન વ્યવહાર, ગુજરાત સરકાર ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા, વાહન વ્યવહાર, ગુજરાત સરકાર ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

# પરિશિષ્ટ-૧

## રીફલેકટર્સ, રીફલેકટીવ ટેપ લગાવવાની પધ્ધતિ.

(૧.૧) ધ્વિચક્રી વાહનોમાં :

ધ્વિચક્રી વાહનોમાં પાછળનાં ભાગે ઓછામાં ઓછું એક લાલ રંગનું રીફલેકસ રીફલેકટર ફરજીયાતપણે લગાવવાનું રહેશે.

(૧.૨) ૩.૫ ટન સુધીનું જીવીડબલ્યુ ધરાવતાં માલ વાહક વાહનો (થ્રી વ્હીલર સહિત):

:એઃ આવા વાહનોમાં આગળના ભાગે જમીનની સપાટીથી ૧૫૦૦ એમએમથી વધુ અંતરે ના હોય તે રીતે બે સફેદ રંગના અને પાછળની બાજુએ બે લાલ રંગના રીફલેકસ રીફલેકટર લગાવવાનાં રહેશે.

:બીઃ આવા વાહનોમાં આગળનાં સમગ્ર ભાગે ૨૦ મી.મી.થી ઓછી ન હોય તેટલી પહોળાઇની અને માન્ય બીઆઇએસ સ્ટાન્ડર્ડ મુજબની રીફલેકટીવ ટેપ લગાવવાની રહેશે. જયારે પાછળની બાજુએ આજ માપ અને ધોરણની લાલ રંગની રીફલેકટીવ ટેપ લગાવવાની રહેશે.

(૧.૩) ૩.૫ ટનથી ૭.૫ ટન સુધીના માલ વાહક વાહનો.

:એઃ આવા વાહનોમાં આગળના ભાગે જમીનની સપાટીથી ૧૫૦૦ એમએમથી વધુ અંતરે ના હોય તે રીતે બે સફેદ રંગના અને પાછળની બાજુએ બે લાલ રંગના રીફલેકસ રીફલેકટર લગાવવાનાં રહેશે.

:બીઃ આવા વાહનોમાં આગળનાં સમગ્ર ભાગે ૨૦ મી.મી.થી ઓછી ન હોય તેટલી પહોળાઇની અને માન્ય બીઆઇએસ સ્ટાન્ડર્ડ મુજબની રીફલેકટીવ ટેપ લગાવવાની રહેશે. જયારે પાછળની બાજુએ આજ માપ અને ધોરણની લાલ રંગની રીફલેકટીવ ટેપ લગાવવાની રહેશે.

:સીઃ આ વાહનોમાં પાછળની બાજુએ તથા બંને બાજુએ માન્ય બીઆઇએસ સ્ટાન્ડર્ડના રીફલેકટીવ કન્ટુર માર્કીંગ લગાવવાના રહેશે.

(૧.૪) ૭.૫ ટનથી વધુ વજનનાં ગુડઝ વાહનો.

:એઃ આવા વાહનોમાં આગળના ભાગે જમીનની સપાટીથી ૧૫૦૦ એમએમથી વધુ અંતરે ના હોય તે રીતે બે સફેદ રંગના અને પાછળની બાજુએ બે લાલ રંગના રીફલેકસ રીફલેકટર લગાવવાનાં રહેશે.

:બીઃ આ વાહનોમાં પાછળની બાજુએ તથા બંને બાજુએ માન્ય બીઆઇએસ સ્ટાન્ડર્ડના રીફલેકટીવ કન્ટુર માર્કીંગ લગાવવાના રહેશે.